# ડીસામાં પૂર્વ ચીફ ઓફિસરને સરકારી હોસ્પિટલની સફાઈ કરવાની સજા

**ડીસાની સેસન્સ કોર્ટે આપ્યો દાખલારૂપ ચુકાદો : ડીસા પાલિકાના પૂર્વ ચીફ ઓફિસર સહિત ત્રણને સજા : સરકારી હોસ્પિટલમાં એક માસ સુધી સફાઈ કરવાની ફરમાવી સજા**

સજાના અલગ અલગ પ્રકાર હોય, પણ આવી સજા તમે કોઈ દિવસ સાંભળી નહીં હોય, મૂળ તો આ સજાને સાંભળ્યા બાદ તમે કહેશો કે આ તો કોઈ રાજા મહારાજાનો યુગ ચાલી રહ્યો છે કે શું ? જોકે આ સજા મળી છે તે પ્રમુખો અન ઉપપ્રમુખો સહિતના દબંગાઈ જાળતા સેવકો માટે દાખલારૂપ છે. તમે પણ માનશો કે બિલ્કુલ, આવું તો અચૂક થવું જોઈએ.

વાત છે બનાસકાંઠાના ડીસા નગર પાલિકાના પૂર્વ ચીફ ઓફિસરની. અને ઘટના પાછી આજકાલની નથી. ઘટના છે ૯ વર્ષ પહેલાની. ભારતમાં કોઈ સજાની સૂનાવણી કરવાની હોય ત્યારે દિવસોના દિવસો પસાર થઈ જાય છે અને આ ઘટનાને તો ૯ વર્ષના વહાણ વીતી ચૂક્યા છે. પણ ૯ વર્ષ વીત્યા બાદ પણ સજાએ એવી ફટકારવામાં આવી કે આખું ડિસા ગુજરાતમાં ચર્ચાનું કેન્દ્ર બની ગયું.

આજથી નવ વર્ષ પહેલા ડિસા નગરપાલિકાના પૂર્વ ચીફ ઓફિસર ટલ્લી થઈ ગયા હતા. એટલે કે દારૂ પીતા પકડાયા હતા. જેના કારણે કોર્ટે હવે ત્રણ લોકોને સજા ફટકારી છે. પણ આ સજા કંઈ જેવી તેવી નથી. સરકારી હોસ્પિટલમાં એક મહિના સુધી સફાઈ કરવાની સજા કરવામાં આવી છે અને તે પણ વીડિયો રેકોર્ડિંગ સાથે. નગરપાલિકાના પૂર્વ ચીફને આવી સજા ફટકારાઈ એટલે હવે કોઈ દિવસ કોઈ મોટાગજાનો માણસ આવી હરકત નહીં કરે તે પણ માનવું રહ્યું.

કારણ કે એક તો ગાંધીના ગુજરાતમાં દારૂબંધી ઉપરથી નગરપાલિકાના ચીફ જો આવી હરકત કરે તો પદની ગરિમા ન જળવાય. કોર્ટે પણ આ પદને લાંછન લગાવવા બદલ જ સજા ફટકારી શકે. હવે ડિસાની સરકારી હોસ્પિટલમાં તમે મુલાકાત લેવા માટે જાઓ અને કોઈ મોટાગજાનો માણસ સાફ સફાઈ કરતો હોય તો માની લેવું કે આ પહેલા મદ્યપાન કરનારા ચીફ ઓફિસર જ છે.

# અરવલ્લી જિલ્લા એ.આર.ટી.ઓ.ની ચેમ્બરમાં એજન્ટોનો અડિંગો

**એજન્ટો વગર અરજદારોને લાયસન્સ કઢાવવામાં નાકે દમ આવી જાય છે : લોકોના ખિસ્સા ખંખેરવાના પરવાનેદારો**

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જીલ્લા એ.આર.ટી.ઓ. કચેરી જીલ્લા સેવા સદન સામે કરોડો રૂપિયાના ખર્ચે નવનિર્માણ કરવામાં આવતા જીલ્લાના પ્રજાજનોમાં આનંદ છવાયો હતો. એ.આર.ટી.ઓ. કચેરીમાં જાણે કોઈ રણીધણી ન હોય અધિકારી તો છે પણ તેમની ચેમ્બરમાંજ એજન્ટોનો અડિંગો જોવા મળતો હોય છે. અધિકારીઓની મિલીભગતના પગલે સામાન્ય અરજદારો લૂંટાઈ રહ્યા હોવાની ચર્ચાથી સમગ્ર જિલ્લામાં ચકચાર મચી છે.

મોડાસા ખાતે જીલ્લા સેવાસદન સામે આવેલી અરવલ્લી જીલ્લા એ.આર.ટી.ઓ. કચેરીમાં એજન્ટો અરજદારો સામે અધિકારી જેટલો રોફ જમાવતા હોય છે. એજન્ટ રાજમાં અરજદાર અધિકારી કે કર્મચારી કોણ એ પણ પારખવામાં થાપ ખાઈ રહ્યા છે.




એજન્ટો ભલેને લોકોના ખિસ્સા ખંખેરી લેતા હોય છતાં તેમની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. એ.આર.ટી.ઓ.ને લગતા તમામ કામોમાં અહીં આવનારા મોટા ભાગના લોકોના અનુભવ બહુ ખરાબ છે કારણકે અહીં લાગવગ એજ લાયકાત હોય તેવો સિદ્ધાંત લાગુ પડી રહ્યો છે. એજન્ટના સંપર્ક વગર સીધા કચેરીના કામકાજ માટે આવનાર લોકો ધરમના ધક્કા ખાઈ રહ્યા છે. ભ્રસ્ટાચારના દલદલમાં ફસાયેલી એ.આર.ટી.ઓ. કચેરીમાં જીલ્લા કલેક્ટર એમ.નાગરાજન અને ગાંધીનગર વિજિલન્સ દ્વારા ઓચિંતી તપાસ કરવાની લોક માંગણી પ્રબળ બની છે. તમામના મોઢે એકજ શબ્દ સરે છેકે રેઢિયાળ તંત્રમાં કોઈને કોઈ કહેવા વાળું જ નથી. કેટલાક ઈમાનદાર અધિકારી અને કર્મચારીઓ અરજદારોને નડતી પારાવાર મુશ્કેલીઓ સામે અગમ્ય કારણોસર ચુપકીદી સાધી લેવાની સાથે ઓફિસમાં બેઠા બેઠા તમાશો જોવા મજબુર હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

એમ રેઢિયાળ તંત્રને લઈને લોકો પરિવાર મુશ્કેલી ભોગવી રહ્યા છે. એજન્ટોના નેટવર્કમાં અહીં આવતા સામાન્ય માણસને લાયસન્સથી લઈ અન્ય પ્રક્રિયામાં પસાર થતા નાકે દમ આવી જાય છે એવું નથી કે અહીં કોઈ અધિકારી નથી.

# ભિલોડામાં વેપારીની હત્યા સંદર્ભે સોશીયલ મીડીયા પર ઉશ્કેરણીજનક અને ફોટા વાયરલ કરનાર યુવકની ધરપકડ

ભિલોડા,તા.૧૫

ભિલોડામાં વેપારીની હત્યા અને લુંટના બનાવ સંદર્ભે સોશીયલ મીડીયા ઉપર ઉશ્કેરણીજનક પોસ્ટ અને ફોટા વાયરલ કરનાર યુવકની પોલીસએ ગણતરીના કલાકમાં ધરપકડ કરી ધારા ધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરી છે. લુંટ અને હત્યાના બનાવ સંદર્ભે એક તરફ ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. વેપારીઓ અને પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો હતો.ભિલોડામાં સૌ પ્રથમ ઐતિહાસિક ઘટના પ્રકાશમાં આવી હતી. અજાણ્યા લુંટારૂઓએ બંદુકની અણીએ વેપારી ઉપર ફાયરીંગ કરી ગોળી વીધીં દેતાં વેપારીની હત્યાના એક તરફ ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા.વેપારીઓ અને પ્રજાજનો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે.

સોશીયલ મીડીયાની સાઈટ ફેસબુકના માધ્યમથી ફેસબુકના એકાઉન્ટમાં ભિલોડા તાલુકાના ઓડ ગામના પંકજ જીવાજી ડામોર નામના વ્યક્તિએ તા.૧૩/૧૧/૨૦૧૮ ને મંગળવારના રોજ ફેસબુક પ્રોફાઈલ ઉપર ચશ્મા પહેરી ફોટો મુંકેલ છે. ફેસબુક ઉપર ઉશ્કેરણીજનક પોસ્ટ વાઈરલ કરતાં અંગ્રેજીમાં લખ્યું હતું કે આદિવાસી વિસ્તારમાં આદિવાસી જ હોવો જોઈએ બીજા લોકો રહેશે તો આજે થયું એવું થશે તેવી પોસ્ટ લખી ઉશ્કેરણીજનક મેસેજ વાયરલ કરતાં પ્રજાજનોમાં ફફડાટ ફેલાયો હતો. ફેસબુકમાં બીજી પોસ્ટ વાઈરલ એવી રીતે કરી કે વેપારીની હત્યા વીથ લુંટના બનાવ સંદર્ભેના સમાચારો ટી.વી., ન્યુઝ ચેનલોમાં પ્રકાશીત થયેલા સમાચારના ફોટા પાડી લખ્યું હતું કે આદિવાસી સમાજ ઉપર અત્યાચારના ગુજારો તો આવું ના થાય મારા મિત્રો તેવી વિવાદાસ્પદ ઉશકેરણીજનક ફોટા ફેસબુકમાં સોશીયલ મીડીયાના માધ્યમથી વાયરલ કરાતાં વેપારીઓમાં ભારે સોપો પડી ગયો હતો.સોશીયલ મીડીયાની સાઈટ ફેસબુકના માધ્યમથી ઉશ્કેરણીજનક ફોટા અને લખાણો વાયરલ કરનાર યુવકની પોલીસએ ધરપકડ કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સોશીયલ મીડીયા ઉપર ઉશ્કેરણીજનક પોસ્ટ વાઈરલ કરેલ હોવાના કારણે કોઈ ઘેરા પ્રત્યાઘાતો ન પડે, જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે સંદર્ભે જીલ્લા પોલીસ ધ્વારા સઘન કાર્યવાહી તાબડતોબ હાથ ધરાઈ હતી.



**અરવલ્લી કલેક્ટરે પોલીસ હેડક્વાટર માટે ૨૫ એકર જમીન એસપીને સુપ્રત**

અરવલ્લી જિલ્લાની રચના થયા બાદ એક બાદ એક વિકાસના કાર્યોને વેગ મળી રહ્યો છે. ત્યારે જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મજબૂત બને સ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લાની તાતી જરૂરિયાત એવા જીલ્લા પોલિસ હેડ ક્વાર્ટર માટે જીલ્લા કલેક્ટર એમ. નાગરાજને જીલ્લા પોલીસવડા મયુર પાટીલને નવા માર્કેટયાર્ડ નજીક ૨૫ એકર જમીન ફાળવવામાં આવી હતી અને ૨૫ એકર જમીન જીલ્લા પોલીસતંત્રને સુપ્રત કરી હતી. આ પહેલા પોલિસ હેડ ક્વાર્ટર માટે મોડાસાથી પાંચ કિલો મિટર દૂર સાકરિયા નજીક કરવામાં આવ્યું હતું. જો કે જિલ્લાના નાગરિકોની માંગ અને જિલ્લા વહીવટી તંત્રની ઉચ્ચ રજૂઆતને પગલે રાજ્ય સરકારે પોલિસ હેડ ક્વાર્ટરને નવા મોડાસામાં બનાવવાની પરવાનગી આપતા જીલ્લા પોલીસતંત્રમાં આનંદ છવાયો હતો. અરવલ્લી જિલ્લા સેવા સદન નજીક અને નવા માર્કેટ યાર્ડ પાસેની જમીન ફાળવવામાં આવતા જ્યાં અત્યાધુનિક પોલિસ હેડ ક્વાર્ટરનું નિર્માણ થશે જેથી જિલ્લાના લોકો માટે કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે અને વહીવટી સરળતા રહેશે.




**ડીસા ખાતે જલારામ જયંતીની દબદબાભેર ઉજવણી**

બનાસકાંઠાના ડીસા ખાતે પણ ગત રોજ જલારામ જયંતીની ભવ્ય ઉજવણી કરાઈ હતી અને નગરમાં જલિયાણનો જયનાદ ગુંજી ઉઠ્યો હતો. જલારામ જયંતિ પ્રસંગે ડીસા હાઈવે પરના જલારામ મંદિર ખાતે ભાવિક ભક્તોએ બાપા જલારામના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જલારામ જયંતિ પ્રસંગે ડીસા શહેરના ન્યુ ટીસીડી ફાર્મ ખાતે ભોજનપ્રસાદની પણ સુંદર વ્યવસ્થા કરાઈ હતી.આ પ્રસંગે ડીસા સહિત આસપાસના ગામોમાથી મોટી સંખ્યામાં ભાવિકોએ ઉપસ્થિત રહી દર્શન તેમજ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. જલારામ જયંતિ પ્રસંગે ડીસા શહેરમાં ગતરોજ સાંજે જલારામ બાપાની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. આ શોભાયાત્રામાં ડીસા શહેરના ભાવિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. શહેરના મુખ્ય માર્ગો પર ફરેલી આ શોભાયાત્રામાં નગરચર્યાએ નીકળેલા જલારામ બાપાના દર્શન કરવા નગરજનો પણ ઉમટી પડ્યા હતા. આ શોભાયાત્રાનું ઠેરઠેર સ્વાગત પણ કરાયુ હતું. વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. શહેરના મુખ્ય માર્ગો પર નીકળેલી આ શોભાયાત્રા ડીસા શહેરના એસ.સી.ડબલ્યુ.ચાર રસ્તા પહોંચી ત્યારે શોભાયાત્રામાં જોડાયેલા ભાવિકોએ રાસ ગરબાની પણ રમઝટ મચાવી હતી.

# ખેડબ્રહ્મામાં મગફળીની ટેકાની ખરીદીમાં બારદાનના અભાવે ખેડૂતો ધક્કા ખાય છે

**૫૦ ખેડૂતોમાંથી ૪ ખેડૂતો મગફળી લઇ આવ્યા**

ખેડબ્રહ્મા, તા. ૧૫

સરકાર દ્વારા ખેડૂતો માટે ટેકાના ભાવે મગફળી ખરીદી શરૂ કરવામાં આવી છે. જેના માટે ખેડબ્રહ્મા તાલુકા મથકે સરકારના પ્રતિનિધિઓની હાજરીમાં એ.પી.એમ.સી. ખાતે કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. જે આગાઉ ખેડૂતોની નોંધણી કરી અને બુધવાર સાંજના સેન્ટરે તાલુકાના ૫૦ ખેડૂતોને એસ.એમ.એસ. કરી ગુરુવારે બોલાવેલ હતા. જે સવારે એ.પી.એમ.સી.માં પુછપરછ કરી પરત જતા રહ્યા હતા. જયારે લક્ષ્મીપુરાના પટેલ કિરીટભાઈ શામળભાઈ, રવીન્દ્રભાઈ નટવરભાઈ પટેલ, મુકેશભાઈ રવજીભાઈ પટેલ અને કિરણભાઈ રાઘજીભાઈ પટેલ પોતાની મગફળી તોલાવી હતી. તાલુકાના ખેડૂતોએ મગફળી માટે પૂછપરછ કરી હતી પણ બારદાન ન હોઈ પરત જતા રહ્યા હતા. સરકારના પ્રતિનિધિ બી.એસ. કટારાના જણાવ્યા અનુસાર મગફળીનો સ્ટોક બરદાનમાં કરવાનો છે. પણ બારદાન ન હોઈ એક બે દિવસમાં ખરીદી શરૂ કરવામાં આવશે.

આ અંગે સાબરકાંઠા જિલ્લા કિસનસંઘના ઉપપ્રમુખ વક્તાભાઈ પટેલે જણાવ્યુ હતું કે એક ઉતારામા બે ખેડૂતોના નામ હોય અને એક ખેડૂત નોંધણી કરાવી દે તો બીજાની ખરીદી ન થઈ શકે તો તે ખેડૂતે શુ કરવું તેની મગફળીનો શુ કરવાની જેથી ઉતારામાં સામેલ તમામ ખેડૂતની નોંધણી થાય અને ખરીદી થાય તેમ કરવું જોઈએ.



**શનિ મંદિરે જલારામબાપાની જન્મોત્સવ ઉજવાયો**

મોડાસા તાલુકાના લીંભોઈ ગામે આવેલા શ્રી વાડીનાથ હનુમાનજી મંદિર પંચદેવ એવમ્ શનિ મંદિરે સંત શિરોમણી જલારામબાપાની જન્મજયંતિ નીમીત્તે અન્નકૂટ દર્શન, પાદુકા પૂજન, મહાઆરતી સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જલારામબાપાના દર્શનાર્થે વહેલી સવારથી ભાવિ ભક્તો ઉમટ્યા હતા. દર્શનનો લાભ લઈ ભક્તો ભાવુક બન્યા હતા. ડૉ.ગોપાલ પટેલ, ચિરાગ ઉપાધ્યાય અને ઈશ્વરભાઈ ત્રિવેદીના જણાવ્યા અનુસાર દર વર્ષે જલારામ જન્મોત્સવની ઉજવણીમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવે છે.

# અરવલ્લી જિલ્લા ભારતીય જનતા પાર્ટીની નવા વર્ષનું સ્નેહ સંમેલન આજે યોજાશે

અરવલ્લી જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા હિન્દુ નવા વર્ષ પછી આજરોજ મોડાસાના મેઘરજ રોડ પર કુમકુમ પાર્ટી પ્લોટ ખાતે કાર્યકર્તાઓની સાથે નવા વર્ષ માટેની શુભેચ્છાઓ આપલે કરવા અને નવા વિચારો-નવા સંકલ્પો અને નવું વર્ષ સૌના માટે સુખાકારી અને પ્રગતિમય રહે તેવી શુભેચ્છાઓ અભિનંદન આપવાનો એક કાર્યક્રમનું આયોજન જિલ્લા ભાજપના પ્રમુખ રણવીરસિંહ અને મહામંત્રી શામલભાઈ પટેલ તથા સમગ્ર ટિમ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાત પ્રદેશ ભાજપના મુખ્ય પ્રવક્તા ભરતભાઈ પંડ્યા, અરવલ્લી જિલ્લાના ભાજપના પ્રભારી ઉત્સાહી અને કર્મઠ પાર્ટીમાં ખુબજ સારી જવાબદારીઓ નિભાવી રહ્યા તેવા હર્ષદગીરી ગોસ્વામી, અરવલ્લી જિલ્લાના પ્રભારી મંત્રી તરીકે જાણે જિલ્લાના વતની હોય તેવા દરેક પ્રસંગોમાં હાજર રહી વિકાસના કામ કરનાર રાજય સરકારના વન અને આદિજાતિ વિભાગમાં રાજયકક્ષાના મંત્રી તરીકે ખૂબ સફળ કામો કરનાર રમણભાઈ પાટકર, સાબરકાંઠા અરવલ્લી જિલ્લાના સંસદ દીપસિંહ રાઠોડની ઉપસ્થિતિમાં અરવલ્લી જિલ્લાના મોડાસા, માલપુર, બાયડ, ધનસુરા, મેઘરજ, ભિલોડા સહિતના તમામ ભાજપાના કાર્યકરો હોદ્દેદારોની શુભેચ્છાઓ પાઠવવાનો કાર્યક્રમને સફળ બનાવવા અરવલ્લી જિલ્લાના તમામ કાર્યકરો હોદ્દેદારો મહેનત કરી રહ્યા છે.



**હીરાખાડી કંપા જલારામ મંદિરે જલારામબાપાની જન્મ જયંતિ ઉજવાઈ**

જલારામબાપાની ૨૧૯મી જયંતિ નિમિત્તે હીરાખાડી કંપા જલારામ મંદિરે ઉજવણી કરાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો દર્શન માટે ઉમટી પડ્યા હતા. જલારામ માનવ સેવા ધામ દ્વારા જલારામ બાપાની જયંતિની ઉજવણી કરાઈ હતી. આ ટ્રસ્ટ દ્વારા વિવિધ માનવ સેવાની પ્રવૃત્તિઓ પણ કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં પ્રમુખ જગદીશભાઈ પટેલ, બાબુભાઈ પી. પટેલ, મણીભાઈ સી. પટેલ, કેશાભાઈ એચ. પટેલ, મહારાજ કિશોરભાઈ, ઈશ્વરભાઈ એન. પટેલ, બાબુભાઈ એસ. પટેલ, જયંતિભાઈએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# વદરાડમાં કપિરાજનો આંતક : ત્રણને બચકા ભર્યા

હિંમતનગર, તા. ૧૫

પ્રાંતિજ તાલુકાના વદરાડ ગામે ગુરૂવારે ધસી આવેલા કપિરાજના ટોળામાંથી એક કપિરાજ ગમે તે કારણસર કૂદાકૂદ કરીને ભય ફેલાવી રહ્યો છે. અને બે મહીલા તથા એક પુરૂષને બચકા ભરતા ગામવાસીઓ ભયના આંતક હેઠળ જીવી રહ્યા છે.

માહિતી મુજબ ગુરૂવારે એક ઘર આગળ કામ કરી રહેલા કાંતાબેન ભગવાનદાસ પટેલ પાસે આવેલા કપિરાજે બચકા ભરી લોહી લુહાણ કરી નાંખ્યા હતા. તથા કપિલાબેન જયંતીભાઈ પટેલ અને હસમુખભાઈ નરસિંહભાઈ પટેલને બચકા ભરી લોહીલુહાણ કરી નાંખ્યા હતા. જેથી આ ત્રણેય જણાને સારવાર લેવાની ફરજ પડી હતી.

બીજી તરફ ગામમાં કપિરાજના આંતકના કારણે નાના બાળકો તથા વૃદ્ધોને આખો દિવસ ભયના ઓથાર નીચે પસાર કરવો પડ્યો હતો. ગામ લોકોની માંગણી છે કે વન વિભાગ દ્વારા ગામમાં ભય ફેલાવી કૂદાકૂદ કરતા કપિરાજના ટોળાને પકડી સલામત સ્થળે લઈ જવુ જોઈએ. ગુરૂવારે આખો દિવસ ગામના અનેક લોકો કપિરાજના ભયથી ખેતરોમાં જતા પણ અચકાતા હતા.

## મોડાસાના બામણવાડના શિલ્પકાર ભરતભાઈ રાષ્ટ્રીય પ્રતિયોગીતામાં ઉત્તીર્ણ થતા જિલ્લાનું ગૌરવ વધાર્યું

મોડાસા, તા.૧૫

અરવલ્લી જિલ્લામાં મોડાસાના બામણવાડ ગામના ભરતભાઈ સોમાભાઈ પંચાલે ભારતીય કલા સંસ્કૃતિ વાસ્તુ વિભાગ કાશી વિશ્વવિદ્યાલય કાશી ધ્વારા શિલ્પશાસ્ત્ર વિશેષજ્ઞ (શિલ્પકાર) (શિલ્પ આર્કિટેકટ)ની જયપુર (રાજસ્થાન)માં યોજાયેલ રાષ્ટ્રીયકક્ષાની પ્રતિયોગીતામાં ભાગ લીધો હતો. જેમાં સમગ્ર ભારતમાંથી ૩૬૦૦ જેટલા શિલ્પકારોએ પરિક્ષા આપી હતી. જેનું પરિણામ આજે આવતા તેમાંથી ૧૨૭ જ અ શ્રેણીમાં આ પરિક્ષામાં ઉત્તીર્ણ થયા હતા અને ગુજરાતમાંથી ફક્ત ૩ જ શિલ્પકાર ઉત્તીર્ણ થયા છે અને તેમાં ભરતભાઈ ઉત્તીર્ણ થતા તેમણે ગામ,



જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. આગામી દિવસોમાં ઉત્તીર્ણ થનારને ભારતના રાષ્ટ્રપતિ ધ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.

## મોડાસા ખાતે આજે પ્રેસ ડે ની ઉજવણી કરાશે

મોડાસા, તા. ૧૫

ગુજરાત રાજ્ય પ્રેસ અકાદમી, ગાંધીનગર અને જિલ્લા માહિતી કચેરી, અરવલ્લી જિલ્લાના સંયુક્ત ઉપક્રમે આજે પ્રેસ ડે ની ઉજવણી કરવામાં આવશે. આજે તા. ૧૬ નવેમ્બર ૨૦૧૮ શુક્રવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે મોડાસાના હની રેસ્ટોરન્ટમાં શામળાજી રોડ ખાતે પુલક ત્રિવેદી સચિવ ગુજરાત પ્રેસ અકાદમી અને સંયુક્ત માહિતી નિયામક ગાંધીનગર, અરવલ્લી જિલ્લા કલેકટર એમ. નાગરાજન, જિલ્લા વિકાસ અધિકારી હર્ષિત ગોસાવી, જિલ્લા પોલીસ વડા મયુર પાટીલ, અરવલ્લી જિલ્લા અધિક નિવાસી કલેકટર આર. જે. વલવીની ઉપસ્થિતમાં યોજાનાર પ્રેસ ડે ઉજવણી પત્રકારત્વના નીતિશાસ્ત્ર અને ડીજીટલ યુગના પડકારો વિષય પર માર્ગદર્શન આપશે.

# બાયડમાં ખેડૂતોના ૧૦૦ રજીસ્ટ્રેશન ફોર્મ મગફળી નોંધણી કેન્દ્ર પરથી ફોર્મ ગુમ થતા ધવલસિંહ ઝાલા નોંધણી કેન્દ્ર પર પહોંચ્યા

બાયડ, તા. ૧૫

ખેડૂતોને ખેત પેદાશોમાં પોષણક્ષમ ભાવ મળે તે માટે ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. ત્યારે અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાં સરકાર દ્વારા મગફળી ટેકાના ભાવે ખરીદવા માટેના કેન્દ્રની શરૂઆત કરવામાં આવી છે, પરંતુ ટેકાના ભાવે ખરીદ કેન્દ્ર પર ૧લી અને ૨જી નવેમ્બરના રોજ ખેડૂતોએ નોંધણી કરાવાયેલ ૧૦૦ ફોર્મ ગાયબ થતા ખેડૂતોએ હોબાળો મચાવ્યો હતો અને સાથે જ સ્થાનિક ધારાસભ્ય પણ હાજર રહ્યા હતા અને આ અંગે તટસ્થ તપાસ કરવા અધિકારીઓને જાણ કરી હતી.

બાયડ તાલુકામાં મગફળી ટેકાના ભાવે ખરીદી કરવા સરકાર દ્વારા કેન્દ્ર ઉભું કરવામાં આવ્યું છે. પરંતુ અધિકારીઓની લાલીયાવાડીના કારણે ખેડૂતોને હેરાન થવાનો વારો આવ્યો છે. મગફળી નોંધણી કેન્દ્ર પરથી ૧૦ ગામના ૧૦૦ રજિસ્ટ્રેશન ફોર્મ ગુમ થતાં બાયડ પુરવઠા વિભાગની બેદરકારી સામે સવાલો ઉભા થયા છે. ફોર્મ ગુમ થતા ખેડૂતો અને સ્થાનિક ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ નોંધણી કેન્દ્ર પર હોબાળો કર્યો હતો અને ગાયબ થયેલા ફોર્મ ન મળે તો ફરીથી ફોર્મની નોંધણી શરૂ કરાવી ખેડૂતોને ન્યાય મળે તેવી માંગ કરી હતી અને ગત વર્ષની જેમ



આ વર્ષે પણ મગફળીમાં ભ્રષ્ટાચાર ના થાય તે માટે સરકારે સજાગ રહેવાની જરૂર છે તેમ જણાવ્યું હતું. જ્યારે બીજી તરફ ગોડાઉન મેનેજર દ્વારા પોતાનો બચાવ કરતા જણાવ્યું હતું કે ફોર્મ વધુ પ્રમાણમાં આવી જવાથી તે અસ્તવ્યસ્ત થઈ ગયા હશે જે શોધીને ખેડૂતોના ક્રમ પ્રમાણે મગફળી ખરીદ કરવામાં આવશે.